# આજે નરેન્દ્ર મોદી વારાણસીમાં ઉમેદવારી પત્ર ભરશે

વારાણસી,તા. ૨૩

ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વારાણસીમાં વિધિવતરીતે ઉમેદવારી પત્ર ભરનાર છે. વારાણસીમાં ભાજપ દ્વારા નરેન્દ્ર મોદી ઉમેદવારી પત્ર ભરે ત્યારે જોરદાર શક્તિ પ્રદર્શન કરે તેવી શક્યતા છે. ભાજપના પ્રવકતા નવીન કોહલીએ કહ્યું છે કે વારાણસીમાં હજુ સુધીના સૌથી મોટા જસ્નની તૈયારી કરવામાં આવી રહી છે. વારાણસીને મુખ્ય રીતે મંદિર શહેર તરીકે



મોદીના ભવ્ય સ્વાગત કરવા માટેની અને ભવ્ય ઉજવણી કરવા માટેની તૈયારી કરી લેવામા આવી છે. મોદી આવતીકાલે વારાણસીમાં ઉમેદવારી પત્ર ભરશે ત્યારે તેમની સાથે લાખો લોકો રહે તેવી શક્યતા છે. ભાજપ ગણવામાં આવે છે. પરંતુ મોદી ત્યાં પહોંચી ગયા બાદ વારાણસી હવે ભારતના રાજકીય પાટનગરમાં ફેરવાઈ ગયું છે. જે રીતે હોળી અને દિવાળીના દિવસે લોકો ઉમટી પડે છે તે રીતે લોકો ઉમટી પડે તેવી શક્યતા છે.પાર્ટી દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. મોદી ઉમેદવારી પત્ર ભરવા માટે જતી પહેલા બે કિલોમીટર લાંબા રોડ શોમાં ભાગ લેનાર છે. આ ઉપરાંત મોદી તેમની કાર પરથી લોકોને થોડીક મીનિટ સુધી સંબોધન કરે તેવી શક્યતા છે. હેલિકોપ્ટર પણ તૈનાત કરવામાં આવે તેવી શક્યતા છે. વારાણસીમાં ભાજપ એકમના એક લાખ કરતા પણ વધારે સભ્યો છે. અને પાર્ટીના લોકલ નેતા નવરત્ન રાઠીએ દાવો કર્યો છે કે આનાથી પણ વધુ લોકો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. રાઠીએ દાવો કર્યો છે કે મોદીના રોડ શો દરમિયાન શહેરના જુદા જુદા વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતી સર્જાય તેવી શક્યતા છે. તેમના સ્વાગત માટે તમામ સ્તરે તૈયારી ચાલી રહી છે. સમય ઓછો હોવાથી ૧૦૦ જગ્યા અને ૩૦ જગ્યાએ જુદી જુદી રીતે સ્વાગત કરવામાં આવનાર છે. દરમિયાન મોદીના નોમિનેશનના માટે ચાર સેટને લઈને અટકળો વધી ગઈ છે. હજુ સુધી પાર્ટીએ દસ નામ પસંદ કર્યા છે. તેમાં પંડિત મદન મોહન માલવીયનો સમાવેસ થાય છે. વારાણસીના જાણીતા ચા વેચાણ કરતા વિશ્વાનાથ સિંહના નામની પણ પસંદગી કરવામાં આવી છે. વારાણસીમાં મોદીની ઉમેદવારીને લઈને અન્ય રાજકીય પક્ષોમાં પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ઉમેદવારી પત્ર ભરતી વેળા મોદીની તમામ નાની બાબતો પર નજર રાખવા માટે લોકો અને મિડિયાના લોકો પહેલાથી ગોઠવાઈ ગયા છે. મોદીની સાથે રાજ્ય એકમના તમામ નેતાઓ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. અમિત શાહની ભૂમિકા ખાસ રહેશે.અન્યો પણ ચાવીરૂપ રહેશે.મોદીના કાર્યક્રમના સંબંધમાં વિધિવતરીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ સવારથી તેમના રોડ શોની શરૂઆત થનાર છે. ઉત્તરપ્રદેશમાં આ વખતે મોદી લહેર જોવા મળી રહી છે આવી સ્થિતીમાં માનવ મેદની ઉમટી પડે તેમ માનવામાં આવે છે. બીજી બાજુ ચૂંટણી પ્રચાર ચરમસીમા પર છે ત્યારે મોદી સંબોધનમાં ક્યાં મુદ્દા ઉઠાવે છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે.

## વારાણસીની બેઠકથી અરવિંદ કેજરીવાલે ઉમેદવારી નોંધાવી

વારાણસી,તા. ૨૩

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે વારાણસીમાંથી તેમની ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારીપત્ર ભરતા પહેલા કેજરીવાલે નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી સામે સીધા આક્ષેપ કર્યા હતા અને કહ્યું હતું કે, મોદી અને રાહુલ ગાંધી હેલિકોપ્ટર ડેમોક્રેસી કરી રહ્યા છે. કેજરીવાલે કહ્યું હતું કે, વારાણસીના લોકો આ બાબતથી સાવધાન રહે કે તેમની હાલત અમેઠી જેવી ન થાય. રોડ શો દરમિયાન કેજરીવાલે કહ્યું હતું કે, મોદી



અને રાહુલ ચૂંટણી પ્રચારમાં જંગી ખર્ચ કરી રહ્યા છે. તેમને ક્યા પ્રકારની લોકશાહી જોઇએ છીએ. કેટલાક લોકો કહે છે કે, મોદી જાહેરાત ઉપર પાંચ હજાર કરોડ ખર્ચ કરી રહ્યા છે. રાહુલે પણ જંગી રકમ ખર્ચ કરી છે. ટીવી, અખબાર અને બિલબોર્ડ ઉપર મોદી અને રાહુલ નજરે પડે છે. રાહુલ ઉપર આક્ષેપ કરતા કેજરીવાલે કહ્યું હતું કે, અમેઠીના લોકો સાથે રાહુલે વિશ્વાસઘાત કર્યો છે. કેજરીવાલે ઉમેર્યું હતું કે, વારાણસીમાં આવી સ્થિતિ ન થાય તે જરૂરી છે. હેલિકોપ્ટર લોકશાહીની ઇચ્છા છે કે પછી દરેક ગામમાં જઇને લોકો સાથે વાત કરનાર લોકોની જરૂર છે. વારાણસીમાં કેજરીવાલની સીધી ટક્કર વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સાથે છે. કોંગ્રેસના અજય રાય પણ ચૂંટણી મેદાનમાં છે. કેજરીવાલ છેલ્લા ઘણા દિવસથી વારાણસીમાં છે અને રોડ શો તથા ડોર ટુ ડોર કેમ્પેઇન કરી રહ્યા છે. મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. આ ગાળા દરમિયાન અનેક વખત મોદી સમર્થકોનો વિરોધ પણ ઝેલવો પડ્યો છે. કેજરીવાલ અને મોદી વચ્ચે સૌથી રોમાંચક તક જોવા મળે તેવી શક્યતા છે. મોદી અને રાહુલ ગાંધી ચૂંટણી પ્રચારમાં કાળા નાણાંનો ઉપયોગ કરી રહ્યા છે. મોદી ઉપર પાંચ હજાર કરોડ રૂપિયા અને રાહુલ પર ૧૦૦૦૦ કરોડ ખર્ચ કરવામાં આવી ચુક્યા છે. વારાણસીમાં ઉમેદવારી દાખલ કરતા પહેલા આ મુજબની વાત કેજરીવાલે કરી હતી.

## વિમાનમાં મોબાઈલનો ઉપયોગ કરવાની યાત્રીઓને અંતે મંજુરી

નવીદિલ્હી,તા. ૨૩

ભારતમાં વિમાની યાત્રા કરતા લોકો માટે ખુબ સારા સમાચાર છે. વિમાની યાત્રીઓ હવે વિમાનમાં તમામ તબક્કા દરમિયાન એરોપ્લેન ફલાઈટ મોડમાં તેમના મોબાઈલ ફોન અને અન્ય પર્સનલ ઈલેકટ્રોનિક ફલાઈટ મોડ ઉપર સ્વતંત્ર રીતે મોબાઈલનો ઉપયોગ કરી શકશે. યાત્રીઓને ગેમ રમવા, મૂવી નિહાળવા અને તેમના સ્માર્ટ ફોન ઉપર કામ કરવા સહિતની તક આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, પશ્ચિમી દેશોમાં આ વર્ષની શરૂઆતમાં એરોપ્લેન મોડમાં મંજુરી આપવામાં આવી રહી ન હતી. ભારતમાં વિમાની યાત્રીઓને હવે આ નિયંત્રણોમાંથી દૂર કરવામાં આવ્યા છે. ડીજીસીએ દ્વારા હવે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાની તક આપી દીધી છે. અગાઉ ડીજીસીએ દ્વારા સૂચના આપવામાં આવી હતી કે, વિમાનની અંદર




હોવાની સ્થિતિમાં આને વિમાન ઉતરાણ ન કરે ત્યાં સુધી તેમજ એક્ટિવ રનવે ઉપર યાત્રીઓ દૂર ન થાય ત્યાં સુધી મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકે નહીં. ડિવાઈઝ (ટીઈડી)નો ઉપયોગ કરી શકશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા આની મંજુરી આપી દેવામાં આવી છે. ડીજીસીએના વડા પ્રભાતકુમારે આજે માહિતી આપતા કહ્યું હતું કે, પીઈડી અને ખાસ કરીને મોબાઈલ ફોન ઉપર લાદવામાં આવેલા તમામ નિયંત્રણોને દૂર કરી દેવામાં આવ્યા છે. વિમાની યાત્રીઓ હવે ફલાઈટની દરેક સ્થિતિમાં પીઈડીનો ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવી હતી. અગાઉ એવી દહેશત રહેલી હતી કે આ સાધનનો ઉપયોગ સુરક્ષાના કારણોસર નુકસાન કરી શકે છે. વિમાનની નેવીગેશન, ઈલેકટ્રોનિક, કોમ્યુનિકેશન સિસ્ટમમાં અડચણો ઉભી કરી શકે છે. જેના પરિણામ સ્વરુપે વિમાનમાં મોબાઈલના ઉપયોગને ડીજીસીએ દ્વારા હવે સિવિલ એવિએશન કાયદાઓમાં સુધારો કર્યો છે અને યાત્રીઓને મંજુરી આપવામાં આવી છે. દરમિયાનમાં સુરક્ષા પાસાઓને લઈને કેટલાક લોકોએ ચિંતા વ્યક્ત કરી છે. વિમાનમાં રહેલા યાત્રીઓ હવે યાત્રા વેળા પણ ફોન ઉપર વાત કરી શકશે. હજુ સુધી ઘણા કિસ્સામાં અને વધારે વ્યસ્ત રહેતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

## વોટ્સ અપના યુજર્સનો આંક વધીને ૫૦ કરોડે પહોંચ્યો છે

નવી દિલ્હી,તા. ૨૩

વોટ્સ અપની લોકપ્રિયતા દિન પ્રતિદિન વધી રહી છે. વોટ્સ અપે તમામ સોશિયલ મિડિયાના યુઝરો કરતા વધારે યુજરો મેળવવાની નજીક પહોંચી જવામાં સફળતા મેળવી છે. આજે સવારે વોટ્સ અપ દ્વારા જારી કરવામાં ાવેલા આંકડા દર્શાવે છે કે ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ અતિ ઝડપથી યુજરોનો ઉમેરો કરવામાં સપળ છે. બ્લોગ પોસ્ટમાં વોટ્સ અપે જાહેરાત કરી



છે કે તેના એક્ટિવ યુજરોની સંખ્યા ૫૦ કરોડથી વધારે થઈ ગઈ છે. આ યુજરો ૭૦ કરોડ ફોટો શેયર કરી ચુક્યા છે. જ્યારે ૧૦ કરોડ વિડિયો દરરોજ શેયર કરવામાં આવી રહ્યા છે. છેલ્લા થોડાક મહિનામાં બ્રાઝીલ, ભારત અને મેક્સિકો જેવા દેશોમાં તેના યુજરો રેકોર્ડ ગતિથી વધી ગયા છે. વોટ્સ અપના સીઈઓ જેનકૌમે માહિતી આપતા કહ્યું છે કે ટેકનોલોજી ન્યુઝ કવર કરનાર વેબસાઈટ ૫૦ કરોડ યુજરો ધરાવે છે. જે પૈકી ૪ કરોડ ૮૦ લાખ યુજર ભારતમાં સ્થિત છે. બ્રાજિલમાં આ સંખ્યા ૪ કરોડ ૫૦ લાખ યુજર આસપાસની છે. વોટ્સ અપની શરૂઆત વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી. ૧૯ અબજ ડોલરની કિંમતમાં સોદાબાજી કરીને ફેબ્રુઆરીમાં ફેસબુક દ્વારા તેને ખરીદી લેવાની જાહેરાત કરવામાં આવી હતી.

ફેસબુક અને વોટ્સ અપના સાથે મળીને યુજરોની ગણતરી કરવામાં આવે તો સંખ્યા ૧.૫ અબજ સક્રિય યુજરો સુધી પહોંચી જાય છે. વોટ્સ અપના કારણે ફેસબુકને વિશાળ નેટવર્ક મળે છે. પહેલી એપ્રિલ અગાઉ વોટ્સ અપે જાહેરાત કરી હતી કે તેના યુજરો દ્વારા ૨૪ કલાકમાં ૬૪ અબજ મેસેજની આપલે કરી છે. સર્વિસ માટેનો આ નવો રેકોર્ડ છે.વિશાળ નેટવર્ક હોવા છતાં ફેસબુક દ્વારા વોટ્સ અપને લઈને કોઈ નવી યોજના જાહેર કરી નથી. વોટ્સઅપની લોકપ્રિયતા આવનાર સમયમાં પણ વધે તેવી શક્યતા છે. ફેસબુક દ્વારા તેની ખરીદી કરી લેવામાં આવ્યા બાદ આંકડામાં અનેક ગણો વધારો થઈ શકે છે.

## પ્રતિ એક લાખની વસ્તીમાં માત્ર ૧૦૬ પોલીસ જવાન

નવી દિલ્હી, તા. ૨૩

દેશમાં લોકો શેરીઓમાં અને જુદા જુદા વિસ્તારોમાં પોતાને બિન સુરક્ષિત હોવાનો અનુભવ કરી રહ્યા છે ત્યારે હવે નવા આંકડામાં વધુ એક ચોંકાવનારી વિગત પણ સપાટી ઉપર આવી છે. સુરક્ષા પાસે ચિંતા ઉપજાવે તેવા એક ઘટનાક્રમમાં જાણવા મળ્યું છે કે પ્રતિ એક લાખ ભારતીયોને સુરક્ષા આપવા માટે માત્ર ૧૦૬ પોલીસ જવાનો રહેલા છે જે ૨૦૨ પોલીસ જવાનોના આંકડાની સંયુક્ત રાષ્ટ્રદ્વારા કરવામાં આવેલી ભલામણ કરતા પણ અડધી સંખ્યા છે. સુરક્ષાના મામલે ખૂબ જ નબળું ચિત્ર સપાટી ઉપર આવ્યું છે. સિનીયર લેવલ ઉપર હજુ પણ ૧૦૯૩ આઈપીએસની જગ્યાઓ ખાલી છે. નવેસરના સરકારી આંકડામાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. નિષ્ણાંતો વારંવાર દલીલો કરે છે કે પોલીસની વધારે વિઝીબિલિટી હોવી ખૂબ જરૂરી છે. બળાત્કાર, લૂંટ, હત્યા જેવા શેરી વિસ્તારોમાં બનતા ગુનાઓ આના કારણે રોકી શકાશે. આ ઉપરાંત આતંકવાદી હુમલાઓ થવાની સ્થિતિમાં પણ લોકોને સુરક્ષા પૂરી પાડી શકાશે. પોલીસ અને લોકો વચ્ચે રેશિયો ખૂબ જ નિરાશાજનક છે. જો પ્રવર્તમાન તમામ જગ્યાઓને ભરી દેવામાં આવે તો પણ રેશિયો એકદમ સુધરશે નહીં. ભારતનો મંજૂર કરાયેલો પોલીસ-વસ્તી રેશિયો ૧૪૫નો છે જે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરાયેલી ભલામણ કરતા ઓછો છે પરંતુ વાસ્તવિક રેશિયો ૧૦૬નો છે જે દર્શાવે છે કે મોટા પ્રમાણમાં ખાલી જગ્યાઓ રહેલી છે. બિહાર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા અને મધ્ય પ્રદેશમાં પોલીસ વસ્તી રેશિયોનો આંકડો ખૂબ જ નિરાશાજનક ૫૪થી ૭૫ની આસપાસનો છે. સંયુક્ત રાષ્ટ્રની ભલામણ કરતા જે રાજ્યોમાં રેશિયો સારો છે તેમાં ઉત્તર પૂર્વ અને જમ્મુ કાશ્મીરનો સમાવેશ થાય છે. દિલ્હી, ગોવા અને ચંદીગઢમાં સ્થિતિ પ્રમાણમાં સારી છે.

અહીં પ્રતિ એક લાખની વસ્તીમાં ૨૦૦થી ૩૦૦ પોલીસ જવાનો રહેલા છે. ખાલી જગ્યાઓને વહેલી તકે ભરવાની માંગ વારંવાર સપાટી ઉપર આવી છે. ૩૦૨ અધિકારીઓના મંજૂર સંખ્યાબળ સામે ૩૩ ટકા જગ્યાઓ ખાલી રહેલી છે. નાગાલેન્ડમાં ૫૦ ટકા જગ્યાએ જ્યારે ઓરિસ્સામાં ૪૫ ટકા જગ્યાએ રહેલી છે. આઈપીએસની જગ્યાઓની દૃષ્ટિએ કેરળમાં ૩૫ ટકા ને કર્ણાટકમાં ૩૪ ટકા જગ્યાઓ રહેલી છે.

## સમાચાર ઝલક

- ચારધામ યાત્રાળુઓ માટે પુરતી સગવડો રાખવા મુખ્યમંત્રીશ્રી હરિશ રાવતનો આદેશ.
- ગુજરાત-સૌરાષ્ટ્રમાં ઉકળાટ સાથે આકરો તાપ. લોકો અકળાયા. બફારો વધ્યો.
- ગુજરાતમાં એસ.ટી.ના કદ અને કલેવર બદલાશે. ૬૧ બેઠકોની વ્યવસ્થા થશે.
- સ્ટેટસ્ટિક અને ફલાઈંગ સ્કોવર્ડને વધુ કડક ચેકિંગ કરવા કેન્દ્રીય ચૂંટણી પંચનો આદેશ.
- પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસના નેતાના ઘરે બોમ્બ બનાવતાં વિસ્ફોટ.
- અમદાવાદના ઝવેરી હત્યાના આરોપીઓને અમદાવાદ પોલીસે ઝડપી લીધા.
- છત્તીસગઢમાં કોંગ્રેસી કાર્યકરોએ અભિનેત્રી નગમા સાથે ફરી અડપલાં કર્યા.
- નારિયેળ પાણી ૧૦૦ પ્રકારની બિમારીઓ સામે રક્ષણ આપે છે.
- સંઘના સંગઠન સ્તરે ચૂંટણી પછી મોટા પાયે ફેરફાર કરાશે.
- ભારતના વડાપ્રધાન ધર્મ નિરપેક્ષ હોવા જોઈએ-ફિલ્મ અભિનેત્રી વહીદા રહેમાન.
- આજે વિશ્વ પુસ્તક દિનની પુસ્તકાલયોમાં ઉજવણી કરવામાં આવી.
- નવી સરકારના કામકાજની જોરશોર તૈયારીઓ વડાપ્રધાન કાર્યાલયમાં શરુ કરાઈ.
- પોલીસ અધિકારની બદલી કરાવવા માટે શ્રી અહમદ પટેલની ધરણા કરવા માટેની ચીમકી.
- અર્થતંત્રની અનિશ્ચિતતાને ચૂંટણીને કારણે રિયલ એસ્ટેટમાં ઠંડો માહોલ.
- દિલ્હીમાં વીજળના બીલ બમણાં થયેલાં મળશે.
- માઉથ ફ્રેશનર્સનો ઉપયોગ ખતરનાક સાબિત થાય છે. હાર્ટ એટેક અને સ્ટ્રોકનો ખતરો વધે છે.
- ચોમાસુ સામાન્ય રહેવાના સંજોગો. ૯૬ ટકા વરસાદનાં એંધાણ.
- ગેસના ભાવ જુન માસ સુધી સ્થિર રહેશે : મોઈલીનો નિર્ણય.

# પ્રિયંકા ગાંધીના મોદી પર પ્રહાર

રાયબરેલી,તા. ૨૩

પ્રિયંકા ગાંધી વાઢેરાએ આક્રમક પ્રચારનો દોર આજે જારી રાખ્યો હતો અને ગુજરાતમાં મહિલા જાસૂસી કાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો. નરેન્દ્ર મોદીને મુશ્કેલીમાં મુકવાના તમામ પ્રયાસ પ્રિયંકાએ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, મહિલાઓને વધુ સત્તાઓ આપવાના મુદ્દા ઉપર ભાજપ દ્વારા બેવડામાપદંડ અપનાવવામાં આવી રહ્યા છે. રાયબરેલીમાં ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રિયંકાએ કહ્યું હતું કે, કેટલીક પાર્ટીઓના નેતાઓ મહિલાઓને વધુ સુરક્ષા આપવાની વાત કરે છે પરંતુ તેમના ઘરમાં મહિલાઓની વાતચીત સાંભળવામાં આવે છે. મહિલાઓના ફોન ટેપ કરવામાં આવે છે. ગુજરાતમાં જાસુસી કાંડનો મુદ્દો ઉઠાવતા પ્રિયંકાએ પરોક્ષરીતે મોદી ઉપર પ્રહાર કર્યા હતા. જે લોકો મહિલાઓના ફોન ટેપ કરે છે અને તેમની વાતચીત સાંભળે છે તેવા રાજકારણીઓને ફેંકી દેવા પ્રિયંકાએ ઉપસ્થિત લોકોને અપીલ કરી હતી. જો કે, પ્રિયંકાએ કોઈના પણ નામનો ઉલ્લેખ કર્યો ન હતો. પ્રિયંકાએ એક વ્યક્તિના હાથમાં દેશની તમામ સત્તાઓ આપવાને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. પ્રિયંકાએ કહ્યું હતું કે, ભાજપ પ્રચાર માત્ર એક વ્યક્તિ ઉપર આધારિત છે. તેમનો તમામ સત્તાઓ




આપવામાં આવી રહી છે. જો તમામ સત્તાઓ એક વ્યક્તિને અપાશે તો આ બાબત ખોટી સાબિત થશે. નરેન્દ્ર મોદીનો પરોક્ષરીતે ઉલ્લેખ કરતા તેમણે આ મુજબની વાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી એકતા માટેની છે. ભારતની ઓળખને મજબૂત કરવા માટેની આ ચૂંટણી છે. પ્રિયંકાએ કહ્યું હતું કે, હાલના દિવસોમાં ચૂંટણી પ્રચાર ઉશ્કેરણીજનક ભાષણો ઉપર કેન્દ્રિત છે. ખોટા આક્ષેપો થઈ રહ્યા છે. અંગત પ્રહારો થઈ રહ્યા છે. પ્રિયંકાએ ઉમેર્યું હતું કે, આ કોઈ વાસ્તવિક રાજનીતિ નથી. લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ચર્ચા લોકોને અસર કરતા વિષય ઉપર થવી જોઈએ. મંગળવારના દિવસે પ્રિયંકાએ વિરોધ પક્ષોના પ્રહાર અંગે પ્રથમ વખત વાત કરી હતી અને પોતાના પતિ રોબર્ટ વાઢેરાનો બચાવ કર્યો હતો. પ્રિયંકાએ એમપણ કહ્યું હતું કે, રાયબરેલીમાં મહિલાઓ માટે ઘણું બધુ કામ કરવામાં આવ્યું છે. મહિલાઓ તેમની પોતાની ઓળખ ધરાવે છે. ભાજપની ટિકા કરતા તેમણે કહ્યું હતું કે, ભાજપના નેતાઓએ ઘૃણાસ્પદ નીતિઓને આગળ વધારી છે. કોંગ્રેસે વિકાસનું વચન આપ્યું છે. આ ચૂંટણી ઓળખ અંગની ચૂંટણી છે.

## અંડરવર્લ્ડ ડોન છોટા રાજનની હાલત ખુબ ગંભીર : અહેવાલ

મુંબઈ,તા. ૨૩

અંડરવર્લ્ડ ડોન છોટા રાજનની હાલત ખુબ ગંભીર બનેલી છે. રાજનને સિંગાપોરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તે હાલ ઈન્ટેન્સિવ કેર યુનિટમાં દાખલ છે. તેના પર તબીબો ચાંપતી નજર રાખી રહ્યા છે. અલબત્ત ગંભીર બિમારી હોવા છતાં રાજનનુ આક્રમક વલણ યથાવત રહ્યું છે. તેનુ કહેવુ છે કે તે તેના નજીકના દુશ્મન ડોન દાઉદ ઈબ્રાહીમને મોટને ઘાટ ઉતાર્યા વગર મરશે નહી. કિડની અને અન્ય બિમારીઓથી ગ્રસ્ત છોટા રાજનની તબિયત એ વખતે વધારે બગડી ગઈ હતી જ્યારે દરિયામાં ડાયાલિસીસના તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો. તબીબો અને સુત્રોએ કહ્યું છે કે લો બ્લડ પ્રેશર અને છાતીમાં દુખાઓ થયા બાદ છ કલાક પછી તેને બહાર લાવવામાં આવ્યો હતો. હવે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. રાજનના નજીકના સાથી અબુ સાવંત તેની તબિયતની કાળજી લઈ રહ્યો છે. અબુ સાવંત રાજનના મેનેજર તરીકે પણ છે. વર્, ૨૦૦૬માં ખંડણી અને હવાલા કેસમાં નામ સપાટી પર આવ્યા બાદ તે ભારતમાંથી ફરાર થઈ ગયો હતો. આ મામલે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે રાજનની પત્નિ સુજાતા અને અન્ય પાંચ લોકોની ધરપકડ કરી હતી. આ કેસ હાલ મકોકા કોર્ટમાં ચાલી રહ્યો છે. રાજને પોતાના એક હોટેલિયર મિત્રને કહ્યું છે કે તે પોતાના વિરોધી અને અંડરવર્લ્ડ ડોન દાઉદને માર્યા વગર મરશે નહી. બન્ને વચ્ચે વર્ષ ૧૯૯૩થી મુંબઈ બ્લાસ્ટ બાદ દુશ્મની છે. ઈન્ટેલિજન્સ સુત્રોએ કહ્યું છે કે રાજનની તબિયતને લઈને આવેલી માહિતી પર નજર રાખવામાં આવી રહી છે.

## સરકારી એડના મામલે માર્ગદર્શિકા માટે પેનલ

નવીદિલ્હી, તા. ૨૨

સુપ્રીમ કોર્ટ રાજકીય હેતુ માટે નેતાઓની જાહેરાતો આપવામાં સરકાર દ્વારા જાહેર નાણાંના દુરુપયોગને રોકવાના હેતુસર માર્ગદર્શિકા ઘડી કાઢવા ત્રણ સભ્યોની પેનલની રચના કરી છે. ચીફ જસ્ટિસ પી સથાશિવમના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટે ત્રણ સપ્તાહની અંદર અહેવાલ આપવા માટે પણ આ પેનલને સૂચના આપી છે. નેશનલ જ્યુડિશિયલ એકેડેમીના પૂર્વ ડિરેકટર માધવામેનનના નેતૃત્વમાં ત્રણ સભ્યોની પેનલની રચના કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી સમિતિને લઈને ભારે ચર્ચા છે.

## રેલવે યાત્રીઓને ફોન ઉપર તમામ માહિતી મળી શકશે

નવીદિલ્હી,તા. ૨૩

તમામ રેલવે યુજરોને ટ્રેનના કાર્યક્રમ અંગે વધુ માહિતી મળે તે માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે. રેલવે દ્વારા હવે નવા મોબાઈલ એપની શરૂઆત કરવામાં આવી છે. વાસ્તવિક ટાઈમના આધાર પર તેની સ્થિતિને જાણવા ઉપરાંત તેમના મોબાઈલ ફોન ઉપર ચોક્કસ ટ્રેનના આગમન અને રવાનગીના સમય અંગે પણ તમામ રેલવે યુજરોને માહિતી મળી શકશે. રેલવેના ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી આર્મ સેન્ટર ફોર રેલવે ઈન્ફોર્મેશન સિસ્ટમ દ્વારા નવા મોબાઈલ એપ્લિકેશનની શરૂઆત કરવામાં આવી છે. જેનો ઉપયોગ ટ્રેનોના સમય સહિત જુદી જુદી માહિતી મેળવવા માટે કરી શકાશે. રેલવેના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, મોબાઈલ એપ તૈયાર થઈને ટ્રેન ઈન્કવાયરી સિસ્ટમને વધારવામાં આવી છે. સાથે સાથે માઈક્રોસોફ્ટથી સમર્થન સાથે ટ્રેનોની ઈન્કવાયરી માટે વિન્ડો આઠ પ્લેટફોર્મ ઉપર ડેસ્કટોપ અરજી પણ તૈયાર કરવામાં આવી છે. નેશનલ ટ્રેન ઈન્કવાયરી સિસ્ટમ રેલવેના બેક એન્ડ સિસ્ટમ તરીકે છે જે નજીકના આધાર પર ટ્રેનના કાર્યક્રમ અંગે પુરતી માહિતી ઉપલબ્ધ કરાવે છે. રેલવેમાં મુસાફરી કરનાર લોકોની સંખ્યા ખુબ મોટી છે. આવી સ્થિતિમાં લોકોને વધુને વધુ માહિતી મળે તે હેતુસર પગલા લેવામાં આવી રહ્યા છે.